## સહાયકી કાર્યક્રમોના અમલ અંગેની પધ્ધતિ

૧૩.૧ નીચેના નમુના મુજબ માહિતી આપો.

| અ.નં | મુદ્દા | વિગત |
|---|---|---|
| | (૧)કાર્યક્રમ /યોજનાનુ નામ | (૧) **સર્વ માટે અન્ન યોજના** અંતર્ગત ગરીબી રેખા હેઠળના કુંટુબો (B.P.L.) માટેની રૂા.૧૧,૦૦૦/– ની વાર્ષિક આવક મર્યાદા અ.ના.પુ વિભાગના તા.૩૦/૩/૯૪ ના ઠરાવ નં. પીડીએસ/૧૦૯૨/૨૨૨૫/ક થી નિયત થયેલ છે. તેમજ આવા કુટુંબોની યાદી તૈયાર કરવા માટે સક્ષમ સતાધિકારી તરીકે શહેરી વિસ્તારમાં સંબંધિત નગરપાલિકા/મહાનગરપાલિકા તેમજ ગ્રામ્ય વિસ્તાર માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નકકી કરવામાં આવેલ છે. આમ, મૂળભૂત રીતે ગીરીબી રેખા હેઠળના કુટુંબોની યાદી ઉકત સંસ્થાઓ તૈયાર કરે છે અને તે યાદી સરકારશ્રી મંજૂર કરે તે બાદ આ યોજના હેઠળ રેશનકાર્ડ આપવામાં આવે છે.<br>(૨) ગરીબોમાં પણ ગરીબ એવા અત્યંત ગરીબ કુટુબો માટેની **અંત્યોદય અન્ન યોજના** (AAY) અ.ના.પુ વિભાગના ઠરાવ ક્રમાંક પીડીએસ/૧૦૨૦૦૧/૫૯/ક તા.૧૪/૨/૨૦૦૧ થી નિયત થયેલ છે.<br>(૩) નિરાધાર વૃધ્ધોને પેન્શનના બદલે અનાજ આપવાની **અન્નપુર્ણા યોજના** અ.ના.પુ વિભાગના ઠરાવ ક્રમાંક પીડીએસ/૧૦૨૦૦૧/૧૭૭૭/ક તા. ૯/૧૧/૨૦૦૧ થી નિયત થયેલ છે.<br>(૪) **જાહેર વિતરણ વ્યવસ્થા** (PDS) નીચે કાર્ડદીઠ મહતમ ૧૦ લીટર પરંતુ કેન્દ્ર અને રાજય સરકારશ્રી કક્ષાએથી ફાળવણી મુજબ સપ્રમાણ ધોરણે ૮ કે ૯ લિટર વાદળી રંગનું કેરોસીન (રાંધણ ગેસ ન ધરાવતા હોય તેવા તમામ કાર્ડ હોલ્ડર માટે ) |
| | (૨)કાર્યક્રમ/યોજનાનો સમયગાળો | ઉકત યોજનાઓ સરકારશ્રી દ્વારા અમલમાં મૂકાયેલ છે અને તેની કોઈ સમયાવધિ નકકી કરાયેલ નથી પરંતુ સરકારશ્રી વખતોવખત યોજનાના લાભાર્થીઓ માટેનો માપદંડ તેમજ મળવા પાત્ર લાભો અને સમયગાળા અંગે સમીક્ષા કરવા સક્ષમ છે. |
| | (૩)કાર્યક્રમનો ઉદ્દેશ | (૧) ગરીબી રેખા હેઠળના કુટુંબોને રાહત દરથી ઘઉ, ચોખા, ખાંડ, ખાદ્યતેલ જેવી જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળની વસ્તુઓનો જથ્થો ઉપલબ્ધ કરાવવાનો અને તે રીતે સમાજના આર્થિક રીતે નબળામાં નબળા વર્ગને પણ જરૂરીયાત મુજબ ખાદ્યાન પુરું પાડવુ.<br>(૨) અત્યંત ગરીબ કુટુબોને રાહત દરથી ઘઉ, ચોખા, ખાંડ, ખાદ્યતેલ જેવી જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળની |

<table>
<tr>
<td></td>
<td></td>
<td>વસ્તુઓનો જથ્થો ઉપલબ્ધ કરાવવાનો અને તે રીતે નામ. સર્વોચ્ચ અદાલતે સ્પે.લીવ પીટીશન નં. ૧૯૬/૨૦૦૧ માં તા.૨–૫–૦૩ ના રોજ આપેલ આદેશ મુજબ સમાજના આર્થિક રીતે નબળામાં નબળા વર્ગને પણ જરૂરીયાત મુજબ ખાદ્યાન પુરું પાડવુ.<br>(૩) ગરીબી રેખા હેઠળના કુટુંબોની યાદીમાં સમાવિષ્ટ ન હોય કે અંત્યોદય અન્ન યોજના હેઠળ પણ આવરી લેવાયેલ ન હોય તેમજ રાષ્ટ્રિય કે રાજયની પેન્શન યોજના હેઠળ પેન્શન મેળવવાની પાત્રતા ધરાવનાર પરંતુ યોજનાનો લાભ ન મેળવતા હોય તેવા ૬૫ વર્ષ કે તેથી ઉપરના નિરાધાર વૃધ્ધોને વિનામૂલ્યે અનાજ પુરો પાડવાનો ઉદ્દેશ.<br>(૪) રાંધણ ગેસ ધરાવતા હોય તે સિવાયના તમામ પ્રકારના જરૂરીયાતમંદ કાર્ડ હોલ્ડરોને રાહત દરથી રાંધણ અને દીવાબતીના હેતુસર કેરોસીન ઉપલબ્ધ કરાવવાનો હેતુ.</td>
</tr>
<tr>
<td></td>
<td>(૪)કાર્યક્રમના ભૌતિક અને નાણાકીય લક્ષ્યાંકો (છેલ્લા વર્ષ માટે)</td>
<td>કોઈ પણ યોજના હઠળ નાણાંકીય લક્ષ્યાંકો સરકારશ્રી તરફથી ફાળવવામાં આવતાં નથી પરંતુ ગીરીબી રેખા હેઠળના કુટુંબોમાંથી અંત્યોદય અન્ન યોજના હેઠળ આવરી લઈ શકાય તેવા કુટુંબો શોધી નકકી કરવા માટે સરકારશ્રી તરફથી લક્ષ્યાંકો ફાળવવામાં આવે છે. આ જિલ્લાને યોજનાના અમલ વર્ષ ૨૦૦૧ થી નીચે મુજબ તબકકાવાર લક્ષ્યાંક ફાળવવામાં આવેલ છે.
<table>
<tr><td>પ્રથમ તબકકે</td><td>15335</td><td>તા.૧૯–૭–૦૧થી</td></tr>
<tr><td>બીજા તબકકે</td><td>7672</td><td>તા.૧૯–૭–૦૩થી</td></tr>
<tr><td>ત્રીજા તબકકે</td><td>4365</td><td>તા.૨૫–૨–૦૫થી</td></tr>
<tr><td>ચોથા તબકકે</td><td>4730</td><td>તા.૧૩–૭–૦૫થી</td></tr>
<tr><td>કુલ</td><td>32102</td><td></td></tr>
</table>
<br>જિલ્લાને ફાળવેલ લક્ષ્યાંક મુજબ તાલુકાઓને લાભાર્થીઓ નકકી કરવા પેટાફાળવણી કરવામાં આવેલ છે. જે પૈકી પ્રથમ, બીજા અને ત્રીજા તબકકાના ફાળવેલ લાભાર્થીઓનો લક્ષ્યાંક સિધ્ધ કરવામાં આવેલ છે. જયારે ચોથા તબકકે ફાળવેલ લક્ષ્યાંક મુજબના લાભાર્થીઓ પસંદ કરવાની પ્રક્રિયા ચાલુ છે. પસંદગી પૂર્ણ થયે અને કેન્દ્ર સરકારશ્રીની મંજૂરી મળ્યેથી આ કુટુંબોને પણ બી.પી.એલ. કુટુંબમાંથી બાદ કરી આ યોજના હેઠળ આવરી અનાજનું વિતરણ કરવામાં આવશે.</td>
</tr>
<tr>
<td></td>
<td>(૫)લાભાર્થીની પાત્રતા</td>
<td>(૧) બી.પી.એલ. રેશનકાર્ડ માટે રૂ.૧૧,૦૦૦/– ની વાર્ષિક કૌટુબિક આવક ધરાવતા કુંટુંબો કે જેઓને સક્ષમ ઓથોરીટી દ્વારા ગરીબી રેખા હેઠળના કુટુંબ તરીકે વર્ગીકૃત કરવામાં આવેલ હોય.</td>
</tr>
</table>

| | | |
|---|---|---|
| | | (૨) અંત્યોદય અન્ન યોજના હેઠળ ગરીબી રેખા હેઠળના કુટુબોમાં પણ સૌથી ગરીબ કુટુબો પાત્રતા ધરાવે છે. તેમાં પણ કુટુંબના વડા વિધવા હોય, કાયમી અશકત હોય, શારિરીક ખોડખાંપણ વાળા હોય, ૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમર હોય, જીવન નિર્વાહનું કોઈ સાધન ન હોય તેવા કુટુંબોને અગ્રતા આપવામાં આવે છે.<br>(૩) અન્નપૂર્ણા અન્ન યોજના હેઠળ કોઈપણ પ્રકારનુ સરકારી પેન્શન ન મેળવતા ૬૫ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા અને કોઈ પણ પ્રકારની આવક નહીં ધરાવતા સંપૂર્ણ નિરાધાર વૃધ્ધો પાત્રતા ધરાવે છે.<br>(૪) કેરોસીન મેળવવા માટે રાંધણ ગેસ ન ધરાવતા હોય તેવા તમામ પ્રકારના રેશનકાર્ડ હોલ્ડરો પાત્રતા ધરાવે છે. |
| | (૬) લાભ અંગેની પૂર્વ જરૂરીયાતો | ઉપરોકત મુદ્દા નં. ૫ મુજબ |
| | (૭) કાર્યક્રમનો લાભ લેવાની પધ્ધતિ | (૧) સરકારશ્રીના અ.ના.પુ. અને ગ્રા.બા.નો વિભાગના તા.૨૦–૯–૨૦૦૦ ના ઠરાવ ક્રમાંકઃ કટક–૧૦૨૦૦૧–૫૯૪૮–ક થી ઠરાવ્યા મુજબ ગરીબી રેખા હેઠળના (B.P.L.) નવા રેશનકાર્ડ હાલ આપવાના થતાં નથી પરંતુ જે કુટુંબો અગાઉથી આ યોજના હેઠળના રેશનકાર્ડ ધરાવે છે તેઓ યોજનાના લાભાર્થી છે.<br>(૨) અંત્યોદય અન્ન યોજના હેઠળ ફાળવવામાં આવેલ લક્ષ્યાંક મુજબ બી.પી.એલ. લાભાર્થીઓમાંથી અંત્યોદય અન્ન યોજનાના લાભાર્થી પસંદ કરવાના રહે છે અને તે માટે સંબંધિત સ્થાનિક સ્વરાજયની સંસ્થા ગ્રામ પંચાયત હોય તો ગ્રામસભા તેમજ નગરપાલિક/ નગરપંચાયત/મહાનગરપાલિકાની સામાન્ય સભામાં આવા લાભાર્થીઓની યાદીને મંજૂરી મેળવવાની રહે છે. આ યોજના હેઠળના લાભાર્થીઓ સરળતાથી ઓળખાય અને તેમને મળવાપાત્ર અનાજ મેળવી શકે તે માટે લાલ કલરના અલગ તરી આવે તેવા રેશનકાર્ડ લાભાર્થીઓને આપવામાં આવેલાં છે.<br>(૩) અન્નપૂર્ણા અન્ન યોજના હેઠળ લાભ મેળવવા પાત્ર વ્યકિતઓની પસંદગી કરી ગ્રામ પંચાયત દ્વારા પ્રસિધ્ધ કરવાની રહે છે. તેમાં કોઈ પણ પ્રકારનું સરકારી પેન્શન મેળવતા વૃધ્ધોનો સમાવેશ ન થાય તે માટે તકેદારી રાખવાની રહે છે. આ યોજનાની બહોળી પ્રસિધ્ધિ માટે ગ્રામ પંચાયત જવાબદાર રહે છે. શહેરી વિસ્તારમાં નગરપાલિકા/મહાનગરપાલિકા જવાબદાર છે. તેમજ યોજનાના લાભાર્થીઓની પસંદગી સમાજ |

| | | |
|---|---|---|
| | | સુરક્ષા અધિકારીના પરામર્શમાં રહીને કરવાની રહે છે. (૪) જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ જે કુટુંબોની વાર્ષિક આવક રૂપીયા એક લાખ સુધીની હોય તેવા કુટુંબોને એ.પી.એલ.–૧ અને એક લાખથી વધુ વાર્ષિક આવક ધરાવતા કુટુંબોને એ.પી.એલ.–૨ રેશનકાર્ડ આપવામાં આવે છે. આ યોજના હેઠળ રાંધણગેસ ન ધરાવતા કુટુંબો જ કેરોસીન મેળવવાને પાત્ર બને છે. |
| | (૮) પાત્રતા નકકી કરવા અંગેના માપદંડો | ઉપરોકત મુદ્દા નં. ૫ મુજબ |
| | (૯)કાર્યક્રમમાં આપેલ લાભની વિગતો (સહાયકીની રકમ અથવા આપવામા આવેલ અન્ય મદદ પણ દર્શાવવી) | (૧) ગરીબી રેખા હેઠળના કુટુંબોને પ્રતિ કિલો રૂા.૨/– ના દરથી માથાદીઠ ૧.૫ કિલો અને કાર્ડ દીઠ વધુમાં વધુ ૯ કિલો ઘઉ તેમજ પ્રતિ કિલો રૂા.૩/– ના દરથી માથાદીઠ ૧ કિલો અને કાર્ડદીઠ વધુમાં વધુ ૩.૫ કિલો ચોખા આ યોજના નીચે આપવામાં આવે છે. આ યોજના નીચે કાર્ડદીઠ વધારાના ૫ કિલો ઘઉ રૂા. ૫/– પ્રતિ કિલોના દરથી તેમજ ૨.૫ કિલો ચોખા રૂા.૬.૭૦ પ્રતિ કિલોના દરથી અને વ્યકિત દીઠ ૫૦૦ ગ્રામ ખાંડ રૂા.૧૩.૫૦ પ્રતિ કિલોના દરથી સરકારશ્રીના અ. ના. પુ. અને ગ્રા.બા. વિભાગના તા.૫–૧૦–૦૫ તથા તા.૮–૧૦–૦૫ ના ઠરાવથી ઠરાવેલ પ્રમાણ અને ભાવથી વિતરણ કરવામાં આવે છે.<br>(૨) અંત્યોદય યોજના નીચે કાર્ડદીઠ પ્રતિ કિલો રૂા.૨/– ના ભાવથી ૨૮ કિલો ઘઉ અને રૂા. ૩/– ના દરથી ૭ કિલો ચોખા તેમજ વ્યકિત દીઠ ૫૦૦ ગ્રામ ખાંડ રૂા.૧૩.૫૦ ના દરથી સરકારશ્રીના અ. ના. પુ. અને ગ્રા.બા. વિભાગના તા.૫–૧૦–૦૫ તથા તા.૮–૧૦–૦૫ ના ઠરાવથી ઠરાવેલ પ્રમાણ અને ભાવથી વિતરણ કરવામાં આવે છે.<br>(૩) અન્નપુર્ણા યોજના નીચે પાત્રતા ધરાવતા નિરાધાર વૃઘ્ધોને માસીક ૧૦ કિલો લેખે વાર્ષિક કુલ ૧૨૦ કિલો ઘઉ સરકારશ્રીના અ. ના. પુ. અને ગ્રા.બા. વિભાગના તા.૯–૧૧–૦૧ ના ઠરાવ ક્રમાંક: પીડીએસ–૧૦૨૦૦૧–૧૭૭૭–ક મુજબ વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે.<br>(૪) રાંધણ ગેસ ન ધરાવતા કોઈપણ રેશનકાર્ડ હોલ્ડરોને કાર્ડદીઠ માસીક મહતમ ૧૦ લીટરની મર્યાદામાં અથવા સરકારશ્રી તરફથી મળેલ ફાળવણી મુજબ સપ્રમાણ ૮ થી ૯ લિટર જાહેર વિતરણ વ્યવસ્થા નીચે વાદળી રંગનુ કેરોસીન તાલુકાવાર અત્રેના તા.૩૦–૯–૨૦૦૫ ના હુકમ નાં. પરવ–કસન–૨ડી–ભાવમુકરર–૩૩૦–૦૧ થી |

| | | |
|---|---|---|
| | | નિયત કરવામાં આવેલ દર (ઓછામાં ઓછા રૂા.૮–૮૫ પૈ. અને વધુમાં વધુ રૂા. ૯–૧૦ પૈ.) થી વિતરણ કરવામાં આવે છે. તે ઉપરાંત તાલુકા મથકેથી ૧૦ કિ.મી. થી વધુ અને ૪૦ કિ.મી. સુધીના અંતર માટે ડીલર (એજન્ટ) પ્રતિ લિટર ૦–૦૫ પૈસા વધુ અને ૪૦ કિ.મી.થી ઉપરના અંતર માટે ૦–૧૦ પૈસા વધુ લઈ શકશે. સદરહુ હુકમથી નિયત થયેલ ભાવમાં સ્થાનિક કરવેરા અલગથી લેવાના રહે છે. એ.પી.એલ. યોજના હેઠળ આવરી લેવાયેલ રેશનકાર્ડ ધારકો રૂા.૭/– પ્રતિ કિલોના ભાવે વ્યકિત દીઠ ૫ કિલો અને વધુમાં વધુ ૨૫ કિલો ઘઉં તથા રૂા.૧૦/– પ્રતિ કિલોના ભાવે વ્યકિત દીઠ ૨.૫ કિલો અને વધુમાં વધુ ૧૦ કિલો ચોખા વિતરણ કરવામાં આવે છે. |
| | (૧૦)સહાયકી વિતરણની કાર્યપધ્ધતિ | જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળના અનાજ, ખાંડ, ખાદ્યતેલ કેન્દ્ર સરકારશ્રી અને રાજય સરકારશ્રી તરફથી જિલ્લાવાર ફાળવણી કરવામાં આવે છે. મુખ્યત્વે અનાજ ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા, ગુ.રા.ના.પુ. નિગમ લી.ને પુરૂ પાડે છે અને નિગમ તાલુકા કક્ષાએ આવેલાં ગોડાઉનો સુધી જથ્થો પહોંચાડે છે.<br>અનાજ, ખાંડ અને ખાદ્યતેલ વાજબી ભાવના પરવાનેદારોને આપવા માટે મામલતદારશ્રી/ઝોનલ ઓફિસરશ્રી વાજબી ભાવના પરવાનેદારને પરમિટ આપે છે. જે પરમિટ નિગમના ગોડાઉન ઉપર રજૂ કરી પરવાનેદાર અનાજ, ખાંડ, ખાદ્યતેલ મેળવે છે અને દુકાને લાવી રેશનકાર્ડ ધારકોને વિતરણ કરે છે.<br>કેન્દ્ર સરકારશ્રી તરફથી થયેલ ફાળવણી મુજબ રાજય સરકારશ્રી જિલ્લાઓને કેરોસીનની ફાળવણી રાષ્ટ્રીયકૃત ઓઈલ કંપનીઓના માધ્યમથી કરે છે. રાજકોટ જિલ્લામાં આ કંપનીઓના નિયુકત ૩૩ ડીલર છે. તેઓ પેટ્રોલીયમ કંપનીના ડેપો ઉપરથી કેરોસીન ઉપાડી અત્રેથી તેમજ મામલતદારશ્રીઓ તરફથી થતી પેટા ફાળવણી મુજબ વાજબી ભાવના પરવાનેદારો તથા છૂટક વિક્રેતાઓને આપે છે. અને વાજબી ભાવના પરવાનેદારો તથા કેરોસીનના છૂટક વિક્રેતાઓ રેશનકાર્ડ ધારકોને વિતરણ કરે છે. |
| | (૧૧)અરજી કયાં કરવી કે અરજી કરવા માટે કચેરીમાં કોનો સંપર્ક કરવો. | જરૂરીયાતમંદ અરજદારે એ.પી.એલ.–૧ તથા એ.પી.એલ.–ર રેશનકાર્ડ મેળવવા તેમના તાલુકાના મામલતદારશ્રીને તેમજ રાજકોટ શહેરમાં સંબંધિત ઝોનલ ઓફિસરશ્રીઓને અરજી કરવાની રહે છે. |
| | (૧૨)અરજી ફી (લાગુ પડતુ હોય ત્યાં ) | સરકારશ્રીના અ.ના.પુ. અને ગ્રા.બા.નો વિભાગના પરિપત્ર ક્રમાંકઃ– કટક–૧૦૨૦૦૩–૩૨૫૫–ક |

<table>
<tr>
<td></td>
<td></td>
<td>તા.૫–૮–૨૦૦૪ થી નીચે મુજબ રેશનકાર્ડની કિંમત નકકી કરવામાં આવેલ છે.
<table>
<tr><th>રેશનકાર્ડનો પ્રકાર</th><th>પ્રથમ વખત મૂળ રેશનકાર્ડની કિંમત (રૂપીયા)</th><th>ડુપ્લીકેટ રેશનકાર્ડની કિંમત (રૂપીયા)</th><th>કાર્ડમાં સુધારા–વધારાની ફી (રૂપીયા)</th></tr>
<tr><td>બી.પી.એલ.</td><td>5.00</td><td>5.00</td><td>5.00</td></tr>
<tr><td>અંત્યોદય</td><td>નિઃશુલ્ક</td><td>નિઃશુલ્ક</td><td>નિઃશુલ્ક</td></tr>
<tr><td>એ.પી.એલ.–૧</td><td>10.00</td><td>20.00</td><td>10.00</td></tr>
<tr><td>એ.પી.એલ.–૨</td><td>20.00</td><td>20.00</td><td>10.00</td></tr>
</table>
</td>
</tr>
<tr>
<td></td>
<td>(૧૩)અન્ય ફી<br>(લાગુ પડતુ હોય ત્યાં)</td>
<td>ઉપર દર્શાવેલ દરથી ડુપ્લીકેટ કાર્ડ મેળવી શકાય છે કે કાર્ડમાં સુધારાવધારા કરાવી શકાય છે. અંત્યોદય યોજના માટે આ કામે કોઈ ફી લાગુ પડતી નથી. તે ઉપરાંત ઈ–ગવર્નન્સ કાર્યક્રમ હેઠળ રેશનકાર્ડની કામગીરી જે તાલુકાઓ/ઝોનલ કચેરીઓમાં સાંકળી લેવામાં આવેલ હોય ત્યાં કલેકટરશ્રી, રાજકોટના તા.૧૩–૮–૨૦૦૪ ના હુકમ નાં. જન– એડીએમ–ઈ–ગવર્નન્સ–૨૦૦૪ થી ઠરાવેલ ધોરણ મુજબ દરેક યોજનાના રેશનકાર્ડ ઉપર વધારાની કોર્ટ ફી રૂા.૩/– તથા પ્રોસેસ ફી રૂા.૭/– આમ, નવા રેશનકાર્ડ, ડુપ્લીકેટ રેશનકાર્ડ તથા સુધારા વધારા માટે એમ દરેક તબકકે ઉપર ક્રમ (૧૨) માં જણાવ્યા ઉપરાંત રૂા.૧૦/– વધારાની ફી નિયત કરવામાં આવેલી છે.</td>
</tr>
<tr>
<td></td>
<td>(૧૪)અરજીપત્રકનો નમુનો<br>(લાગુ પડતુ હોય તો જો સાદા કાગળ પર અરજી કરી હોય તો અરજદારે અરજીમાં શું શું દર્શાવવુ તેનો ઉલ્લેખ કરો)</td>
<td>નવા રેશનકાર્ડ, રેશનકાર્ડ વિભાજન, ડુપ્લીકેટ રેશનકાર્ડ મેળવવા માટે, કાર્ડનો પ્રકાર બદલાવવા માટે કે સુધારા–વધારા માટે અરજી ફોર્મ પરિશિષ્ટ–૧ સરકારશ્રીના અ.ના.પુ. અને ગ્રા.બા.નો વિભાગના તા. ૧૩–૧૦–૨૦૦૪ ના ઠરાવ ક્રમાંકઃ–કટક–૧૦૨૦૦૪–મં.૨૭–ક થી નિયત થયેલ છે.</td>
</tr>
<tr>
<td></td>
<td>(૧૫)બિડાણોની યાદી<br>(પ્રમાણપત્રો/દસ્તાવેજો)</td>
<td>(૧) નવા રેશનકાર્ડ માટે મકાન ભાડાની પહોચ, વીજળી બીલ, મતદારયાદી–ચુંટણી ઓળખકાર્ડની નકલ એ પૈકી કોઈ એક પુરાવો તેમજ આવકનો દાખલો , જુના/ચાલુ કાર્ડની નકલ, જન્મ–મરણના નોધણીના પુરાવા, જે તે તાલુકા મામલતદારનો કાર્ડ /નામ કમીનો દાખલો તથા સોગંધનામુ અને અન્ય વિગતો અરજી સાથે બીડવાના રહે છે.<br>(૨) રેશનકાર્ડ વિભાજન માટે ચાલુ કાર્ડ અસલમાં તથા ઝેરોક્ષ, સ્વતંત્ર રહેણાંક માટેના ઘરવેરાની પહોંચ, મકાન/જમીન ખરીદીના દસ્તાવેજની નકલ અથવા</td>
</tr>
</table>

| | | |
|---|---|---|
| | | વિજળી બીલ, જે તે તાલુકા મામલતદારશ્રીનો નામ કમીનો દાખલો તથા તલાટીનો દાખલો<br>(૩) ડુપ્લીકેટ રેશનકાર્ડ મેળવવા માટે જે તે વાજબી ભાવના દુકાનદારનો દાખલો તથા સોગંદનામું<br>(૪) રેશનકાર્ડનો પ્રકાર બદલાવવા માટે આવકનો દાખલો, આનુસાંગિક પુરાવા અને સોગંદનામું<br>(૫) ઉપર દર્શાવ્યા મુજબના પુરાવાઓ સાથે અરજી રજૂ થયાં બાદ અરજીની સ્થળ ખરાઈ તલાટી/નાયબ મામલતદારશ્રી/પુરવઠા નિરીક્ષકશ્રી દ્વારા કરાવવામાં આવે છે. તે બાદ અરજી પરત્વે નિર્ણય ઝોનલ ઓફિસરશ્રી/મામલતદારશ્રી કક્ષાએથી કરવામાં આવે છે. |
| | (૧૬)બિડાણોનો નમુનો | અરજી પત્રક સાથે ઉપર મુજબના સંબંધિત પ્રકાર મુજબના બિડાણો જોડવાના રહે છે. |
| | (૧૭)પ્રક્રિયાને લગતી સમસ્યાઓ અંગે કયાં સંપર્ક કરવો. | પ્રક્રિયાને લગતી સમસ્યાના નિવારણ માટે તાલુકા મામલતદારશ્રી તેમજ રાજકોટ શહેરમાં સંબંધિત ઝોનલ ઓફિસરશ્રીનો સંપર્ક કરવાનો રહે છે. તેમ છતાં જરૂરી જણાય તો અરજદાર જિલ્લા પુરવઠા અધિકારીશ્રી કે કલેકટરશ્રી નો સંપર્ક કરી શકે છે. |
| | (૧૮)ઉપલબ્ધ નિધિની વિગતો (જિલ્લા કક્ષા,ઘટક કક્ષા વગેરે જેવા વિવિધ સ્તરોએ) | ઉપર દર્શાવેલ યોજનાઓ માટે કે આ પબ્લીક ઓથોરીટીના નિયંત્રણની અન્ય કોઈ કામગીરી માટે ખાસ નીધિની કોઈ પણ સ્તરે ફાળવણી કરવામાં આવતી નથી. |
| | (૧૯)નીચેના નમુનામાં લાભાર્થીઓની યાદી | રાજકોટ જિલ્લામાં યોજનાવાર લાભાર્થીઓની હકિકત તા.૩૦–૯–૨૦૦૫ ની સ્થિતિએ નીચે મુજબ છે. |

| યોજનાનો પ્રકાર | રેશનકાર્ડની સંખ્યા | જનસંખ્યા |
|---|---|---|
| બી.પી.એલ. | 1,36,166 | 6,56,085 |
| અંત્યોદય | 25,879 | 1,09,055 |
| અન્નપૂર્ણા અન્ન યોજના | 650 | 650 |
| એ.પી.એલ.–૧ | 7,39,520 | 27,89,741 |
| એ.પી.એલ.–૨ | 46,550 | 1,66,667 |